## આ તે કેવું દુ:ખ?

### રસ્તા અને કોઝ-વે તૂટી જતાં વાંસદાના દૂબળ ફળિયા, ભગરપાડા અને લીમઝર ગામના 3000 લોકોને અગ્નિદાહ માટે સ્મશાને જવામાં મુશ્કેલી

# અંતિમ સફરે 'અડચણ'

**ગ્રામજનોએ** અનાવલ કે વાંસદા સુધી અંતિમસંસ્કાર માટે જવાની ફરજ પડે છે, ગરીબોને દુ:ખના સમયમાં પણ આર્થિક બોજો

નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદાના દુબળ ફળિયા ગામે આવેલું સ્મશાન ૩૦૦૦ લોકોને અસર કરે છે. અહીં વર્ષોથી રસ્તા અને કોઝ વે તૂટેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. જેના કારણે લોકોએ સ્મશાન સુધી જવું ખૂબ જ મુશ્કેલ બને છે અને ચોમાસા દરમિયાન અંતિમસંસ્કાર માટે બીજા ગામમાં જવું પડે છે.

વાંસદા તાલુકાના દુબળ ફળિયા, ભગરપાડા અને લીમઝર ગામના ૩૦૦૦ જેટલા લોકો માટે દુબળ ફળિયાના અમદાળ ફળિયામાં સ્મશાનગૃહ આવેલું છે. જે ખાડી ઉપરથી પસાર થઈ સામેની બાજુ આવેલા સ્મશાનગૃહ તરફ જવું પડે છે, પરંતુ ત્યાં સુધી જવાનો રસ્તો આશરે ૧૭ વર્ષથી બન્યો જ નથી. લોકોની સુવિધા માટે સ્મશાનગૃહ તરફ જવાના રસ્તા પર વર્ષો પહેલા ભરતભાઈએ સ્વખર્ચે કોઝ વે બનાવ્યો હતો. ત્યારબાદ આજદિન સુધી તંત્ર દ્વારા અહીં કોઈ જ કામગીરી કરવામાં આવી નથી. કોઝ વેની ઊંચાઇ ખૂબ જ ઓછી હોવાથી દર વર્ષે ચોમાસા દરમિયાન થોડા જ વરસાદમાં કોઝ વે ડુબાણમાં જતો રહે છે. જેને લઈ કોઝ વેની સામેની બાજુએ આવેલા સ્મશાનગૃહમાં અંતિમસંસ્કાર કરવા ખૂબ જ મુશ્કેલી ઊભી થાય છે. હાલમાં જ લીમઝર ગામની વ્યક્તિના અવસાન બાદ પરિવારજનો અને ગ્રામજનો નનામી લઈ ઉબાડખાબડ રસ્તા અને તૂટી ગયેલા કોઝ વેના કારણે ખાડીમાંથી જોખમી રીતે સ્મશાન તરફ હાલાકી વેઠી જઈ રહ્યા હોવાનું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. ત્યારે ચોમાસા દરમિયાન ખાડીમાં પાણી ફરી વળતાં સ્મશાન સુધી જવું શક્ય રહેતું નથી. ત્યારે ગ્રામજનોએ અનાવલ કે વાંસદા સુધી અંતિમસંસ્કાર માટે જવાની ફરજ પડે છે. જેનો ખર્ચો પણ વધુ થતાં ગરીબ પરિવારે દુ:ખમાં પણ આર્થિક બોજો વેઠવો પડે છે.

### અમે ખાડીમાંથી માંડ પસાર થઈ સ્મશાને પહોંચ્યા: ખુશાલભાઈ ચૌધરી

આ બાબતે સ્થાનિક ખુશાલભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, અમારા મોટા ભાઈના અવસાન બાદ અંતિમસંસ્કાર માટે અમદાળ ફળિયાની ખાડીમાંથી માંડ પસાર થઈ સ્મશાને પહોંચ્યા હતા. વર્ષોથી આ જ સમસ્યા ઊભી છે. જો આ ખાડીમાંથી પસાર થતી વખતે કોઈ અકસ્માત કે જાનહાનિ થાય તો સંપૂર્ણ જવાબદારી જવાબદાર તંત્રની રહેશે.

### ૧૭ વર્ષથી રસ્તો બન્યો નથી: સરપંચ

આ બાબતે ગામના સરપંચ મહેન્દ્ર એન.પટેલે જણાવ્યું હતું કે, આ સ્મશાનગૃહનો ત્રણ ગામના ૩૦૦૦ જેટલા લોકો ઉપયોગ કરે છે. પરંતુ રસ્તો અને કોઝ વે તૂટી જતા વર્ષોથી લોકોને મુશ્કેલી પડી રહી છે. તંત્રને આ બાબતે લેખિત રજૂઆત છતાં કોઈ ઉકેલ આવતો નથી. અગાઉ ગ્રામ પંચાયતે ઠરાવ પણ કર્યા છે, છતાં કોઈ તંત્ર કે અધિકારીઓ ફરકતા નથી. સમસ્યાનું નિરાકરણ નહીં આવે તો આવનારા સમયમાં આંદોલન પણ કરવા અચકાશું નહીં.

## ચીખલી તા.પં.ની સભામાં સ્ટેમ્પ ડ્યૂટીના ૩.૨.૧૩ કરોડનાં વિકાસ કામો મુદ્દે રજૂઆત

**નાણાંપંચના** બાર જેટલાં કામની ફેર દરખાસ્ત, અધૂરાં કામો ઝડપથી પૂર્ણ કરવા ઉપર ભાર મુકાયો

ધેજ: ચીખલી તાલુકા પંચાયતના સભાખંડમાં પ્રમુખ રાકેશભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને ટીડીઓ ભાવનાબેન યાદવ, કારોબારી અધ્યક્ષ દમયંતીબેન આહીર, ઉપપ્રમુખ રમેશભાઇ, ન્યાય સમિતિના અધ્યક્ષ જશુભાઇ ગાંગોડે, દંડક પંકજભાઇ શાસક, પક્ષના નેતા અશ્વિનભાઇ દેસાઇ ઉપરાંત દક્ષાબેન, રમીલાબેન, કલ્પનાબેન, ધર્મેશભાઇ, વૈભવભાઇ, સ્નેહલભાઇ, મહેશભાઈ સહિતના સભ્યોની ઉપસ્થિતિમાં યોજાયેલી સામાન્ય સભામાં અગાઉની સામાન્ય સભાની કાર્યવાહીને બહાલી આપી સ્ટેમ્પ ડ્યૂટીની વર્ષ ૨૦૨૧/૨૨ અને ૨૦૨૨-૨૩ના વર્ષની ૨.૧૩ કરોડ રૂપિયાની ગ્રાન્ટમાં રસ્તા, પાણી, ગટર સહિતના વિકાસનાં કામોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરાંત નાણાંપંચના બાર જેટલાં કામોની ફેર દરખાસ્ત કરવામાં આવી હતી.

### ૧૫થી વધુ કામો બેવડાવા અંગે રજૂઆત

સામાન્ય સભામાં ટ્રાયબલના ૧૫થી વધુ કામો બેવડાવા અંગે રજૂઆત થઈ હતી. પ્રયોજના વહીવટદારની કચેરી દ્વારા કોઈપણ જાતના ચોક્કસ આયોજન વિના ચુંટાયેલા પ્રતિનિધિઓની દરખાસ્તને પ્રાધાન્ય આપ્યા વિના આદેઇડ કામો ફાળવવામાં આવતાં વર્ષ ૨૦૨૫-૨૬માં તાલુકામાં ૧૫થી વધુ અંદાજે ૬૦-૭૦ લાખ રૂપિયાના કામો બેવડાયાં હતાં અને પ્રયોજના વહીવટદારની કચેરીના આ કારભારમાં જે કામોની જરૂર હોય એ મંજૂર થવાના સ્થાને જે કામો થઈ ગયાં છે તે જ રિપીટ થઈ રહ્યાં છે. જેને લઈને અને તાલુકાનાં ૭૧ ગામ વચ્ચે માત્ર આઠ જેટલા જ કેટલ શેડ મંજૂર કરાતાં તેમાં પણ તાલુકા સભ્યો દ્વારા નારાજગી વ્યક્ત કરવામાં આવી હતી.

સામાન્ય સભામાં તાલુકા પંચાયત હસ્તકની ખૂંધ અને સમરોલીમાં જૂના વલસાડ રોડ સ્થિત જમીનના ટાઇટલ ક્લિયર કરવા સાથે તાલુકા પંચાયતના આવકના સ્ત્રોત ઊભા કરવા અંગે પણ ચર્ચા હાથ ધરાઈ હતી. વધુમાં તાલુકા સભ્યો દ્વારા વિકાસનાં અધૂરાં કામો ઝડપથી પૂરાં કરાવવા માટે પણ ભાર મૂકવા રજૂઆત કરાઈ હતી. સભામાં મજીગામની પ્રાથમિક શાળાના કેમ્પસમાં જર્જરિત મકાનો ઝડપથી તોડી નાંખવામાં આવે તે માટે પણ અધિકારીનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. વિરોધ પક્ષના નેતા ભીખુભાઇ ગરાસિયા દ્વારા પણ તેમના વિસ્તારના પ્રશ્નોની રજૂઆત કરાઈ હતી. સામાન્ય સભામાં હાલમાં જ અવસાન પામેલા ગોડથલ ગામના સરપંચ સ્વ.જશવંતભાઇને બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### ગણદેવી પોલીસે 157 રૂપિયાના 15.67 ગ્રામ ગાંજા સાથે રિક્ષાચાલકને ઝડપી પાડ્યો

બીલીમોરા: ગણદેવી પોલીસ દેસાડ નાકા ઉપર વાહન ચેકિંગમાં હતી તે દરમિયાન એક રિક્ષા પોલીસને જોઈને ભાગવા જતા તેને કરબાવાડી સરા ફાટક પાસે પકડી પાડ્યો હતો. રિક્ષાચાલક શ્રીમોહનકુમાર શ્રીકિશન ચૌધરી (૪૦, રહેવાસી ગણદેવી પીરોજા મોહલ્લા, જમાતના ઘરમાં મૂળ રહેવાસી કુરેપુરા ગામ,થાના ગોહન, તાલુકો મંડોગઢ જાલોન,ઉત્તર પ્રદેશ) પાસેથી ૧૫.૬૭ ગ્રામ ગાંજો કિં. રૂ.૧૫૭ મળી આવ્યો હતો. પોલીસે મોબાઇલ, રોકડા રૂ.૧૪૧૦ તથા રિક્ષા મળી ૪૪૫૬૭નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે રિક્ષાચાલકની ધરપકડ કરી તેને ગાંજો પૂરો પાડનારા મહેશ નામના ઈસમને વોન્ટેડ જાહેર કર્યો છે.

### વાંસદાના રૂપવેલ ગામે બારમાની વિધિમાં વૃક્ષદાન કરી એક નવી સામાજિક પહેલ

નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદાના રૂપવલે ગામે રહેતા શિક્ષક વિજયભાઈ ગમનભાઈ પટેલના દાદા મેરવાનભાઈ ધુરીયાભાઈનું અવસાન થયું હતું. સામાજિક રીત-રિવાજો પ્રમાણે બારમાની વિધિમાં આવનાર દરેક વ્યક્તિઓને પાત્રદાન (વાસણ દાન) કરવામાં આવતું હોય છે. જેને બદલે સામાજિક નવી પહેલ જોવા મળી છે. પિતાની યાદમાં પર્યાવરણનું જતન તેમજ વૃક્ષારોપણ થાય તેવા વિચારો તેમની દીકરીઓ વિનુબેન, મધુબેન, શાંતાબેન તેમજ સરલાબેનને આવ્યા હતા. જેથી દીકરીઓના હસ્તે બારમાની વિધિમાં પુષ્પ પાણી લેનાર દરેક ભાઈ-બહેનોને પિતાજીની યાદમાં આંબાકલમની સ્મૃતિભેટ અર્પણ કરી હતી.

### ચીખલી સહિત જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓનો પગાર ન થતાં કર્મચારીઓની રક્ષાબંધન બગડી

ધેજ: ચીખલી સહિત જિલ્લામાં આરોગ્ય કર્મચારીઓનો પગાર ન થતાં કર્મચારીઓનો રક્ષાબંધનનો તહેવાર બગડતાં નારાજગી ફેલાઈ ગઈ હતી. પ્રાસ વિગત મુજબ તાલુકાના પીએચસીઓમાં એમપીએચડબ્લ્યૂ,એફએચડબ્લ્યૂ, સ્ટાફ નર્સ, ફાર્માસિસ્ટ સહિત ૨૨પથી વધુ કર્મચારીઓ ફરજ બજાવે છે. ઓગસ્ટ માસનું પ્રથમ અઠવાડિયું પૂર્ણતાને આરે હોવા સાથે રક્ષાબંધનનો પર્વ પણ હોય, તેવામાં જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા કર્મચારીઓને પગાર ન ચૂકવવામાં આવતાં તેમના રક્ષાબંધનના તહેવારની મજા બગડી જતાં નારાજગી જોવા મળી રહી છે. જો કે, અધિકારીઓનો પગાર થઈ ગયો અને કર્મચારીઓનો જ પગાર ન થયો હતો.

### નવસારીમાં મહત્તમ તાપમાન 1 ડિગ્રી ઘટી 31.5 ડિગ્રીએ પહોંચ્યું

નવસારી: નવસારી જિલ્લામાં ગુરુવારે મહત્તમ તાપમાન 32.5 ડિગ્રી નોંધાયું હતું, જેમાં 1 ડિગ્રીના ઘટાડા સાથે શુક્રવારે મહત્તમ તાપમાન 31.5 ડિગ્રી થયું હતું. જ્યારે લઘુતમ તાપમાનમાં પણ 0.5 ડિગ્રીનો ઘટાડો થઈ 23.5 ડિગ્રી નોંધાયું હતું. જો કે, એ કારણે રાત્રે ઉકળાટ અનુભવાતો હતો. વાતાવરણમાં ભેજનું પ્રમાણ જોઈએ તો સવારે 96 ટકા નોંધાયું હતું, જે સાંજે 72 ટકા થઈ જતાં હવે વરસાદ વિરામ લેતો જ રહેશે એમ લાગે છે.

### વાંસદા પંથકમાં ભરાતા હાટ બજારમાં જનમેદની ઊમટી પડી

નિલેશ કાપડિયા

વાંસદા: વાંસદા પંથકમાં દર શુક્રવારે હાટ બજાર ભરાતો હોય છે, જેમાં વાંસદા સહિત અન્ય ગામોમાંથી પણ વેપારીઓ આવી પોતાની સ્ટોલ ગોઠવી રોજગાર મેળવતા હોય છે. હાલ રક્ષાબંધનનો તહેવાર હોય, જેના આગલા શુક્રવારે બજારમાં મોટી સંખ્યામાં લોકો ઊમટી પડ્યા હતા. જાણે હોળી-દિવાળીનો તહેવાર હોય તેવો માહોલ જોવા મળી રહ્યો હતો.

## રક્ષાબંધનની પૂર્વ સંધ્યાએ નવસારી ફૂડ વિભાગ જાગ્યો

**8 મીઠાઈની** દુકાનમાંથી 17 સેમ્પલ લેવાયાં, બે પેઢીઓને નોટિસ ફટકારીને સંતોષ માન્યો

નવસારી: આજે શનિવારે રક્ષાબંધન છે, ત્યારે શુક્રવારે નવસારી જિલ્લા ફૂડ વિભાગને મીઠાઈનાં સેમ્પલ લેવાની અક્કલ સૂઝી છે. ખરીદી તો બે-ત્રણ દિવસ પહેલાં થઈ ગઈ હતી, ત્યારે હવે આગલા દિવસે સેમ્પલ લઈને શું ઉકાળ્યું હશે એ તો ફૂડ વિભાગ જ જાણે!

રક્ષાબંધન પર્વે મહિલાઓ ભાઈને રાખડી બાંધવા સાથે મોં મીઠું કરાવવા માટે મીઠાઈની ખરીદી કરતી હોય છે. નવસારીમાં બે-ત્રણ દિવસથી ખરીદીનો માહોલ જામ્યો હતો. પરંતુ નવસારી જિલ્લા ફૂડ વિભાગ શુક્રવારે અચાનક જાગી ઊઠ્યો હતો. નવસારી ફૂડ વિભાગે શહેરમાં મીઠાઈના સેમ્પલ લેવાના શરૂ કર્યા હતા. શહેરની મીઠાઈ વેચતી 8 દુકાનમાંથી 17 સેમ્પલ લીધાં હતાં. આ સેમ્પલ લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ મીઠાઈ બનાવતી આઠ દુકાનમાંથી 6 દુકાનને નોટિસ પણ ફટકારાઈ છે. જો કે, સેમ્પલના લેબ રિપોર્ટ આવ્યા બાદ વધુ કાર્યવાહી હાથ ધરાશે. જો કે, ત્યાં સુધી રક્ષાબંધન પણ ઉજવાઈ ગઈ હશે, ત્યારે મીઠાઈ વેચતી પેઢીઓ ઉપર ફક્ત દંડ ફટકારવા સિવાય બીજું કશું જ કરી શકાય એમ નથી. ઊલટાનું રક્ષાબંધનના અઠવાડિયાથી ચેકિંગની જરૂર હતી.

## ડાંગમાં વિશ્વ આદિવાસી દિનની ઉજાણીની આમંત્રણ પત્રિકામાં ક્ષતિ બાબતે વિવાદ

**ભગવાન** બિરસા મુંડાની 150મી જન્મ જયંતી વર્ષની ઉજવણીનો ઉલ્લેખ, કોંગ્રેસની કલેક્ટરને રજૂઆત

ગીરીશ ભોયે

સાપુતારા: દર વર્ષે 9 ઓગસ્ટે વિશ્વભરમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી થાય છે. જેનો મુખ્ય હેતુ આદિવાસી સમુદાયોના હકો અને સંસ્કૃતિનું રક્ષણ કરવાનો છે. જો કે, ડાંગ જિલ્લામાં આ વર્ષની ઉજવણીની આમંત્રણ પત્રિકાને લઈને વિવાદ સર્જાયો છે. કોંગ્રેસના નેતા મનીષ મારકણાએ આ મુદ્દે ડાંગ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી તાત્કાલિક સુધારો કરવાની માંગ કરી છે. મનીષ મારકણાની રજૂઆતમાં જણાવ્યા અનુસાર ડાંગ 98% આદિવાસી વસતી ધરાવતો જિલ્લો છે. દર વર્ષે 9 ઓગસ્ટના રોજ વિશ્વ આદિવાસી દિવસ ઉજવવામાં આવે છે. આ દિવસની ઉજવણીનો હેતુ વિશ્વભરના આદિવાસી સમુદાયોના હકોનું રક્ષણ કરવાનો અને તેમની સંસ્કૃતિ, ઇતિહાસ, અને સિદ્ધિઓ વિશે જાગૃતિ લાવવાનો છે. ડાંગ જિલ્લા તંત્ર દ્વારા ઇન્વિટેશન કાર્ડમાં 9મી ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસના બદલે ભગવાન બિરસા મુંડાની 150મી જન્મ જયંતી વર્ષની ઉજવણી માટે ઇન્વિટેશન પત્રિકા બનાવવામાં આવી છે. જે પત્રિકામાં 9મી ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસના બદલે આ રીતનું જે લખવામાં આવ્યું છે, જેમાં આદિવાસી સમાજમાં ભારે નારાજગી પણ છે. જેથી એ પણ સ્પષ્ટ સાબિત થાય છે કે, ડાંગ જિલ્લા પ્રશાસનને પણ ખબર નથી પડતી કે આ ઇન્વિટેશનમાં શું લખાણ કર્યું છે. કોઈ અધિકારીએ જોયા વગર જ આ રીતે કામગીરી કરી છે કે કેમ? તે અધિકારી પર તાત્કાલિક ધોરણે તેમના પર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે અને 9મી ઓગસ્ટ આદિવાસી દિવસ લખવામાં આવે એવી માંગ કરવામાં આવી હતી.

### સમરોલીના રામનગરમાં રાત્રે તસ્કરો ત્રાટક્યા

ધર્મેશ પટેલ

ધેજ: સમરોલીમાં નેશનલ હાઇવેને અડીને આવેલા રામનગરમાં ગતરાત્રે ત્રણેક વાગ્યાના અરસામાં ચારેક જેટલા તસ્કરો ત્રાટક્યા હતા અને બે બંધ ઘરનાં તાળાં તોડી ઘરમાં પ્રવેશી કેટલીક રોકડ રકમ અને દાગીના ચોરી ગયા હોવાની વિગત સાંપડી હતી. બે પૈકી એક ઘરનો પરિવાર બીજા રાજ્યમાં રહેતી તેમની દીકરીના ઘરે ગયો હતો. ઉપરાંત ત્રણ જેટલી બાઇક પણ ઉઠાવી ગયા બાદ એકમાં પેટ્રોલ પૂરું થતાં મૂકી જતાં આ એક બાઇક નજીકમાંથી મળી આવી હોવાનું પણ જાણવા મળ્યું હતું. રામનગરમાં ચોરીની આ બનાવને પગલે ગ્રુપમાં મેસેજ ફરતો કરી લોકોને સતર્ક રહેવા પણ અનુરોધ કરાયો હતો. આ બનાવ અંગે પોલીસ ચોપડે કોઈ ગુનો નોંધાયો ન હતો.પ રંતુ સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું હતું.

### દેગામ હાઇવે પરથી કારમાંથી દારૂ ઝડપાયો

ધેજ: ચીખલી પોલીસ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમીના આધારે ને.હા.નં.૪૮ દેગામ ઓવરબ્રિજ પાસે વોચ ગોઠવતાં બાતમી મુજબની મહેન્દ્ર થાર નં.(આરજે-૧૮-સીએફ-૨૮૭૨) આવતાં ઊભી રાખી તલાસી લેતાં અંદરથી કિં. રૂ.૨,૬૭,૬૦૦નો દારૂ, થાર કાર કિં. રૂ.૧૦ લાખ, બે મોબાઈલ ૧૦,૦૦૦ મળી કુલ રૂ.૧૨,૮૭,૬૦૦નો મુદ્દામાલ કબજે કરી હરિપ્રસાદ કમલેશ મિશ્રા (ઉં.વ.૩૧) (રહે.,૨૬-જીતેશ પાર્ક, પ્રિયંકા ટાઉનશીપ, ડિંડોલી-ખરવાસા સુરત, મૂળ રહે.,યુ.પી.), દેવેન્દ્ર બ્રિજેશ કૃષ્ણચંદ તિવારી (ઉં.વ.૧૮) (રહે.,ડિંડોલી, સુરત, મૂળ રહે.,યુ.પી.)ની ધરપકડ કરી હતી. જ્યારે દારૂનો જથ્થો ભરાવનાર કરણ (રહે.,વાપી) તથા દારૂનો જથ્થો મંગાવનાર રાઘવ તિવારી (રહે.,ડિંડોલી, સુરત)ને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ ચીખલી પોલીસ કરી રહી છે.

## ચીખલી સહકારી રૂપાંતર અને વેચાણ કરનારી મંડળીમાં ચેરમેન-વા.ચેરમેનની વરણી ફરી ટલ્લે

**સાત** જેટલા ડિરેક્ટરો ગેરહાજર રહેતાં કોરમના અભાવે ચૂંટણી ટળી

**પહેલી** વખત કોંગ્રેસ સમર્પિત અને બીજીવાર ભાજપ સમર્પિત સભ્યો ગેરહાજર

ધર્મેશ પટેલ

ધેજ: ચીખલી તાલુકાની સહકારી રૂપાંતર અને વેચાણ કરનારી મંડળીમાં ૨૧ જૂનના રોજ યોજાયેલી ચૂંટણીમાં મંડળી પ્રતિનિધિ અને વ્યક્તિગત પ્રતિનિધિની બાર બેઠક પૈકી સાત ભાજપ સમર્પિત અને પાંચ કોંગ્રેસ સમર્પિત સભ્યોનો વિજય થયો હતો. બાદ ચૂંટણી અધિકારી દ્વારા ચેરમેન વાઇસ ચેરમેનની ચૂંટણી માટેનો એજન્ડો બહાર પાડી બેઠક બોલાવવામાં આવી હતી, જેમાં કોંગ્રેસ સમર્પિત પાંચ સભ્યો ગેરહાજર રહ્યા હતા અને કોરમ માટે આઠ સભ્યની જરૂરિયાત હોવાથી ચેરમેન-વાઇસ ચેરમેનની ચૂંટણી ટળી હતી.

બાદ ચૂંટણી અધિકારી દ્વારા શુક્રવારે ફરી બેઠક બોલાવાઈ હતી. આ બેઠકમાં ભાજપ સમર્પિત સભ્યો ગેરહાજર રહેતાં ફરી કોરમના અભાવે ચેરમેન-વાઇસ ચેરમેનની ચૂંટણી ટલ્લે ચઢી હતી. આ મંડળીમાં ભાજપ સમર્પિત સાત સભ્યો સાથે બહુમતી હોવા છતાં કોરમ કરવા માટે આઠ સભ્યોની જરૂરિયાત હોય તેવામાં સંસ્થાના હિત અને વિકાસને ધ્યાનમાં રાખી કોંગ્રેસ સમર્પિત સભ્યો સાથે ચેરમેન-વાઇસ ચેરમેનના પદ બાબતે કોઈ સમાધાનકારી રસ્તો કાઢવામાં આવશે કે કેમ તે જોવું રહ્યું.

ચૂંટણી અધિકારી અનિલભાઇના જણાવ્યાનુસાર ચેરમેન-વાઇસ ચેરમેન માટેની ચૂંટણીની બેઠકમાં પાંચ સભ્યો હાજર રહ્યા હતા. જ્યારે સાત સભ્ય ગેરહાજર રહેતાં કોરમના અભાવે બેઠક મુલતવી રહી હતી. દસ

## સંક્ષિપ્ત સમાચાર

### ચીખલીના નોગામા ગામે સગીરાનો આપઘાત

ધેજ: નોગામા ગામના પહાડ ફળિયામાં રહેતા શ્રમજીવી પરિવારની દીકરી અસ્મિતાબેન સુમનભાઈ હળપતિ (ઉ.વ.૧૭)એ ઘરમાં જ કોઈક જંતુનાશક દવા પી લેતાં તેને અચાનક ઊલટી થવા લાગતાં પ્રાથમિક સારવાર માટે ટાંકલ સીએચસી અને ત્યારબાદ વધુ સારવાર અર્થે નવસારી સિવિલમાં ખસેડાતાં રાત્રિ દરમિયાન તેનું મોત નીપજ્યું હતું. મરનાર સગીરાની ઉમર થતાં ફડવેલના નવા નગર ફળિયાના ભાવેશ સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું હતું અને ભાવેશને તેના ઘરે રોકાવા કહેતા તે ન રોકાતાં તે વાતનું ખોટું લાગી આવતાં દવા પી લીધી હતી. આ બનાવ અંગેની જાણ મરનારની માતા સુમિત્રાબેને આપતાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

### ગણદેવીમાં એપાર્ટમેન્ટના પાર્કિંગમાંથી બાઇકની ચોરી

બીલીમોરા: ગણદેવીના ઘાંચીવાડમાં મસ્જિદ સામે ગરીબ નવાજ એપાર્ટમેન્ટમાં રહેતા ઈબ્રાહીમભાઈ મોહમ્મદભાઈ કુરેશીએ પોતાની બજાજ પલ્સર મોટરસાયકલ જીજે.૨૧.એએમ.૩૯૭૩ 4થી ઓગસ્ટની રાત્રે 9 કલાકે એપાર્ટમેન્ટના પાર્કિંગમાં મૂકી હતી. બીજા દિવસે સવારે જોયું તો એપાર્ટમેન્ટમાંથી મોટરસાયકલ ગાયબ હતી. ઘણી શોધ ખોળ કરવા છતાં મોટરસાયકલ નહીં મળતા ઈબ્રાહીમભાઇએ ગણદેવી પોલીસમાં પોતાની રૂ.૩૦ હજારની પલ્સર મોટરસાયકલ ચોરાયાની ફરિયાદ નોંધાવી છે.

### વલસાડના ડુંગરી ઓવરબ્રિજ પર ટ્રકનું ટાયર ફાટ્યું

વાપી/વલસાડ: મૂળ યુપી અને હાલ ઉધના-સુરતમાં એનુદ્દીન નૂર મોહમ્મદ ખાન (ઉ.58) રહે છે અને તેઓ ટ્રાન્સપોર્ટ કંપનીની ટ્રક પર ડ્રાઈવિંગ કરે છે. ગત તા.6-8-25ના રોજ તેઓ ટ્રકમાં માલ ભરી દમણ આવવા નીકળ્યો હતો. એ ટ્રક લઈને રાત્રિના બે વાગ્યાની આસપાસ વલસાડ ડુંગરી ઓવરબ્રિજ ચડતી વખતે ટ્રકનું આગલું ટાયર ફાટી ગયું હોવાથી પહેલા ટ્રેક ઉપર ગાડી ઊભી રાખી હતી. લાકડાં મૂકી પાર્કિંગ લાઈટ ચાલુ કરી મોબાઈલની લાઈટ વડે અન્ય વાહનોને ડાયવર્ટ કરતો હતો. રાત્રિના આશરે અઢી વાગ્યાની આસપાસ પૂરઝડપે દોડી રહેલો એક ટેમ્પો ઊભેલી ટ્રકની પાછળ અથડાતાં ટેમ્પોચાલકનું કેબિનમાં દબાઈ જવાથી મોત નીપજ્યું હતું. બનાવ સ્થળે પોલીસ ટીમ પહોંચી હતી અને એમ્બ્યુલન્સ પણ આવી હતી. અકસ્માતમાં મરણ જનાર ટેમ્પોચાલકનું નામ લખરાજ સુકઈ પાશી (ઉ.વ.49) (રહે.,વિરાર, મહારાષ્ટ્ર, મૂળ યુપી) હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવ અંગેની જાણ ટ્રક ડ્રાઈવર એનુદ્દીન ખાને ડુંગરી પોલીસ મથકમાં કરી હતી.

### પ્રોહિબિશનના 15 ગુનામાં ભાગેડુ નવસારીનો યાસીન મેમણ ઝડપાયો

નવસારી: સુરત જિલ્લામાં 14 અને વલસાડનો એક મળી કુલ 15 જેટલાં ગુનામાં સંડોવાયેલો છેલ્લાં 4 વર્ષથી ભાગેડુ આરોપીને નવસારી ટાઉન પોલીસે ઝડપી લીધો હતો. છેલ્લાં ચાર વર્ષથી કામરેજ પોલીસમથકના 14 અને વલસાડનો 1 મળી કુલ પ્રોહિબિશનના 15 ગુનામાં નાસતો ફરતો આરોપી નવસારીના 4/સુકુન રો હાઉસ દારૂઉલેમ મદ્રેસાની બાજુમાં નવી નગરી ખાતે રહેતો 40 વર્ષીય યાસીન યુસુફભાઇ મેમણને નવસારી ટાઉન પોલીસના પીઆઇ એ.એસ. સરૈયા અને તેમની પોલીસ ટીમ દ્વારા હ્યુમન ઇન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે તેના ઘર નજીકથી દબોચી લઈ કાર્યવાહી કરી વધુ તપાસ માટે કેસ કામરેજ પોલીસ મથકે રિફર કરવામાં આવ્યો હતો.

### વાંસદા હાટ બજારમાં મહિલાની થેલી કાપી તસ્કરો ફોન, પાકીટ ચોરી ગયા

વાંસદા: વાંસદા તાલુકાના ચારણવાડા ગામે રહેતા રેખાબેન કોંકણી જેઓ રક્ષાબંધનના તહેવારની ખરીદી કરવા હાટ બજારમાં ગયા હતા. આ દરમ્યાન કોઈ અજાણ્યા ચોર નજર ચૂકવી રેખાબેનની થેલી કાપી પાકીટ અને મોબાઇલ ફોનની ચોરી કરી ગયા હતા.

### ધરમપુરીના વૃદ્ધે કુટુંબી ભાઈના ખેતરમાં જઈ ફાંસો ખાધો, 15 વર્ષથી જમીનનો વિવાદ હતો

વાંસદા: વાંસદા તાલુકાના ધરમપુરી ગામે પારસી ફળિયામાં એક વૃદ્ધે ફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું પોલીસમાં નોંધાયું છે. મૃતક ધીરૂભાઇ છગનભાઇ પટેલ (ઉ.વ.૭૬)નો, તેમના કુટુંબી સુરેશભાઇ છગનભાઇ પટેલ સાથે છેલ્લા પંદરેક વર્ષથી જમીનનો વિવાદ ચાલી રહ્યો હતો. આ બાબતે વાંસદા કોર્ટમાં કેસ પણ ચાલી રહ્યો હોવાથી ધીરુભાઈ છેલ્લા કેટલાક સમયથી માનસિક તણાવમાં હતા. આ મનદુ:ખના કારણે તેઓ ઘરેથી દોરડું લઇને ધરમપુરી ગામના પારસી ફળીયામાં તેમના કુટુંબી સુરેશ છગનભાઇ પટેલના ખેતર પાસે પહોંચ્યા હતા અને જી.ઇ.બી.ના થાંભલા સાથે ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. આ અંગેની ફરિયાદ મરનારના પુત્ર રાજેશ ધીરુભાઈ પટેલે વાંસદા પોલીસ મથકે નોંધાવતા વાંસદા પોલીસે આગળની વધુ તપાસ હાથ ધરી હતી.